





પાણી આવે ન આવે ઘરમાં નળ નખાવી લ્યો!
વીજળી હોય ન્હોય, ઘરમાં બલ્બ લગાવી લ્યો!
લઇ લ્યો લાઇન ગેસની, છો ભૂખે મરો છતાં -
પૈસા હોય ન્હોય પણ 'અકૌન્ટ' ખોલાવી લ્યો!
(ગરીબો પણ હવે ઉદ્યોગપતિ થઇ ગયા!!)

માગું છું માફી..
જો દુભવ્યું હોય દિલ -
કરજો ક્ષમા..
(ક્ષમાપના)

રિદ્ધિ ને સિદ્ધિ
ને કૃપા ગણેશની -
મળજો સૌને..
(ગણેશચતુર્થીની શુભેચ્છા)




## ચિંતન

**નાદ્રવ્યે નિહતા કાચિત્ક્રિયા ફલવતી ભવેત્ । ન વ્યાપાર શતેનાપિ શુકવત્યા ઠયતે પકઃ ॥**

'જેમ સેંકડો પ્રયત્ન કરવા છતાં બગલાને પોપટની જેમ બોલતાં શીખવી શકાતું નથી એમ જયાં દ્રવ્યનો અભાવ હોય ત્યાં યોજવામાં આવતું કે આયોજનપૂર્વક વિચારવામાં આવતું કોઇ પણ કાર્ય સંપન્ન થતું નથી.'

ઘર સંસાર કે રાજયતંત્રનો વહીવટ ચલાવવા, સુંદર આયોજન કરવા કે ધાર્મિક કથા-ક્રિયાકાંડ-ના દરેક મનોરથ સારી રીતે પૂરા કરવા માટે ધન-પૈસા-પાયાની બાબત છે.

કોઇ પણ કાર્યની સફળતા માટે નાણું એ પાયાની બાબત છે. માણસ લગ્ન કે કોઇ સામાજિક કાર્યનું અગાઉથી આયોજન કરે કુટુંબીજનો-મિત્રો-દાસ-દાસીઓને ફરજ-કાર્ય સોંપે પણ દરેકને પોતાનાં કર્તવ્ય સફળતા પૂર્વક પૂરાં કરવા માટે પૈસા તો આવશ્યક જ છે.

સરકારની સફળતા-નિષ્ફળતા એમની કરની આવક અને આયોજન પર નિર્ભર છે. વિદ્યાર્થીનું જીવન ઘડતર-અભ્યાસના પાયામાં 'ધન'ની આવશ્યકતા પ્રથમ પડે છે.

## સુવિચાર

- દુઃખી હો ત્યારે બીજાના દુઃખમાં ટોપલા થોડા પણ ઊંચકશો તો તમને આનંદ થાય **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન ઘડીને ઇશ્વરને તે સમર્પણ કરવાની ક્રિયા **- કાકાસાહેબ કાલેલકર**
- ગરીબો માટે નિસ્બત એ પણ આધ્યાત્મિકતાનું એક સ્વરૂપ છે **- સંત રોબિન**
- આજના માણસો એ પેટને એનો ઇશ્વર અને રસોડાને એનું મંદિર બનાવી દીધું છે **- કાન્તિ ભટ્ટ**
- ખરેખર તો સાઠ વર્ષે માણસની બુદ્ધિનું પ્રજ્ઞામાં પરિવર્તન થવું જોઇએ, મુગ્ધતા ઓસરે અને પરિપક્વતા પ્રગટે એ ઉંમર સાઠની કહેવાય **- પન્નાલાલ પટેલ**
- 'વર્તમાન' એ શક્તિશાળી સાક્ષાત ઇશ્વર જ છે **- ખલીલ જીબ્રાન**
- અતિજ્ઞાન કરતાં અલ્પજ્ઞાનમાં સલામતિ હોય છે **- જ્ઞાનસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંત એકનાથ અને સંત કબીર જેવા જ ક્રોધ પર કાબૂ મેળવી શકે બાકી આપણા જેવા ક્રોધ પર કાબૂ મેળવી લીધાનાં દંભ કરીએ પણ એને તક મળતાં જ ક્રોધ-ભડકો થઇ ભભૂકી ઉઠે છે.

એક દંભી સાધુબાવાએ તેને મળવા આવતા ભક્તો દ્વારા જ પ્રચાર કરાવ્યો કે - મહાત્માએ ક્રોધ પર કાબૂ મેળવી લીધો છે..

એક ચતુર જાતિના યુવકને બાવા પર વિશ્વાસ ન આવ્યો. એણે પરિક્ષા લેવાનો નિર્ણય કર્યો. એક સાંજે એક વાટકો લઇ બાવાની ઝૂંટડીએ ગયો, અને કહ્યું, 'બાબા અગ્નિ છે?'

બાબાએ માથું નકારમાં હલાવી ના પાડી.

યુવકે ફરી કહ્યું, બાબા જરા જુઓને ચૂલામાં કે ધૂણામાં કદાચ એકાદ અંગારો હશે..

બાવાએ કહ્યું, ભાઇ મને ખબર છે કે બે દિવસથી ચૂલો કર્યો જ નથી. ધૂણો પણ શાંત છે!

.. પણ ધૂમાડો તો દેખાય છે! યુવકે કહ્યું.

બાવો કહે એ તો કોઇ લીલાં છાણાંનો હશે, અંગારો નથી.

યુવકે ફરી કહ્યું, ચીપીયાથી ઉથલાવી તો જૂઓ!

હવે બાવો બગડ્યો - ઉશ્કેરાયો ગુસ્સે થઇ યુવાન પાછળ દોડ્યો. યુવકે દોડતાં દોડતાં કહ્યું, બાવાજી હવે તમે કોઇને ક્રોધ પર કાબૂ મેળવી લીધો છે એવું કહેતા નહીં, હજુ તો તમારા હૃદયમાં ક્રોધાગ્નિના ભડકા ભર્યા છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# નિરાલી ફ્રોકમાં કંઇક છુપાનીને ઊભી છે, મમ્મીએ નજીક જઇ જોયું તો... ફ્રોકમાં ચકલીનું બચ્ચું...નિરાલીએ ફ્રોક વાળેલું હતું તે ખુલ્લું કર્યું ને પેલું બચ્ચું તો ફરફરર કરતું ઊડી ગયું, થોડે દૂર જઇ બેઠું

## નટખલ નિરાલી
## (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
## ચકલીનું બચ્ચું

**- પ્રજ્ઞા એ. પટેલ**

નિરાલીને ફરવા જવાનું તો બહુ જ ગમે.

પ્રવાસનો ગજબનો શોખ. એક-બે મહિના થાય કે પપ્પાને કહે, 'આનંદભાઇ, બહુ વખત, થયો... અમીબહેનને તમે ફરવા નથી લઈ ગયા... નિરાલીને તો ચાલશે...' કયારેક વળી દાદા-દાદીના નામે ચલાવે -

'દાદા-દાદી ઘરમાં ને ઘરમાં બોર થઈ જાય છે. એમને કયાંક ફરવા લઈ જાઓ ને...'

અને શનિ-રવિની રજા આવે, પ્રવાસ ગોઠવાય કે નિરાલીબેન તો ખુશ-ખુશ. ત્રણ-ચાર દિવલ પહેલાંથી તૈયારી કરવા માંડે. અનુ ફોઈએ આપેલો ભરત ભરેલો નાનકડો બગલથેલો એને બહુ જ ગમે, તે એમાં જાતજાતની વસ્તુઓ લઈને ફર્યા કરે. શાળઆ જવા સિવાય એ કયાંક પણ જાય, એ થેલો સામે જ હોય. એમાં નાનકડું પર્સ હોય, ટેરી બેર હોય, બુટ્ટી-માળા-શંખલા-છીપલાં-લખોટી, બે-ત્રણ રબરના બોલ, ગમ સ્ટીક,રંગની શીશીઓ, પીછાં, શીશીનાં ઢાંકણા, ખીલી, નાનકડી ઘંટડી, જાતજાતના આકારના પથ્થર, કપડાનો ડોગી... જાત જાતની ચીજો હોય. રોજેરોજ કંઈક ઉમેરાય, કંઈક બહાર નીકળ્યું જાય. પણ આ થેલો તો સાથે જ હોય.

'પપ્પા, માસુમ પણ હમણાંથી ફરવા નથી ગઈ, એને લઈ લઈએ...' એમ બોલે ને તરત પાછી ઉમેરે.

'વેદાંતના પપ્પા તો એને કયાંક નથી લઈ જતા... બિચારો કોના સાથે ફરવા જાય...?'

નજીકમાં કયાંક જવાનું હોય તો નિરાલીના આખા મિત્ર-વૃંદને સાથે લઈ જવાનું રહે. બહારગામ જવાનું હોય તો વળી... કોઈ એકાદ તો સાથે હોય જ. પ્રવાસમાં સાથે કાગળ ને રંગ પણ લેવાના જ. ગમે ત્યારે ચિત્ર દોરવાનું મન થાય, આ તો નિરાલી છે!

એક વાર સ્કૂલના પ્રવાસે દ્વારકા-સોમનાથ ગઈ હતી નિરાલી. ઓહોહો... દરિયો... દરિયો જોઈને તો ઘેલી ઘેલી થઈ ગયેલી. દરિયો આવડો મોટો હોય!! વાહ ભાઈ વાહ!! આટલું બધું પાણી કયાંથી આવ્યું હશે ને કયાં જતું હશે? બાપ રે... ગજબ કહેવાય... વળી આ તો મોજાં પર મોજાં... કોઈ જાતના મશીન થના... દોડ્યાં જ કરે છે... દોડ્યાં જ કરે છે... એમને થાક નહીં લાગતો હોય? દરિયો ભૂરો ભૂરો દેખાય તો મોજાં ધોળાં ધોળાં કેમ? નજર જાય ત્યાં સુધી દરિયો જ દરિયો... એનો છેડો કયાં હશે? કેટલો ઊંડો હશે? નિરાલીના મનમાં જાતજાતનાં પ્રશ્નો જાગતા હતા, પણ પૂછવું કોને? મિત્રોને પુછ્યું, પણ બધાં એમની મસ્તીમાં હતા. ટીચરને પુછવું કે કેમ? બહું વિચાર્યું, પણ પછી ન જ પુછ્યું.

'કંઇ નહીં, અત્યારે તો દરિયામાં નહાવાની મજા કરું...' મિત્રો સાથે એ પણ નહાવા માંડી. તરતાં તો આવડે નહીં. છબછબિયા કર્યા, પકડદાવ રમ્યા, બોલથી રમ્યાં, પાણીનો છોળો ખુબ ઉડાડી... થાકીને કિનારે એ ઉભી હતી. નજીકમાં જ ત્રણ-ચાર ખારવાની છોકરીઓ ઊભી ઊભી કંઇક રમતી હતી... પછી કોઇ વાતે ઝઘડી પડી... નિરાલી છોડાવવા ગઈ... એક છોકરીએ બીજી નાની છોકરીને ધક્કો માર્યો, પેલી પાણીમાં પડી ગઈ.

'તેં એને ધક્કો કેમ માર્યો?' નિરાલીથી બોલ્યાં વિના રહેવાયું નહીં.

'તું વચ્ચે કેમ પડે છે?' મોટી છોકરી બોલી.

'બિચારી નાની છે, ધક્કો કેમ માર્યો?' નિરાલીને ફરી પુછ્યું.

'લે... આમ માર્યો..' કહેતાં મોટી છોકરીએ નિરાલીને જોશથી ધક્કો માર્યો... નિરાલી ગબડી પડી. પાણીના મોજામાં તણાવા લાગી... બીજાં બાળકોએ બૂમાબૂમ કરી મૂકીને નિરાલીને પાણીમાંથી બહાર કાઢી. દરિયાનું ખારું પાણી પી ગયેલી... શિક્ષકોએ ઊંધી સુવડાવી, પીઠ દબાવી... પાણી બહાર... નિરાલી લાલઘૂમ થઇ ગયેલી. બધના ચહેરા ચિંતાતુર. હવે? નિરાલીને કંઇ થઇ જશે તો? ચાલો દવાખાને લઇ જઇએ... થોડીવારે નિરાલી હોશમાં આવી. તરત બોલવા માંડી...

'કયાં ગઇ પેલી છોકરી? પણ એણે ધક્કો કેમ મારેલો?' બધાંએ એને ખૂબ સમજાવી. ને એને રૂમ પર લઇ આવેલા.

ઘેર આવીને એણે તો મમ્મી-પપ્પાને કંઇ જ નહીં કહેલું, પણ હિરવાને બધી વાત કરેલી. ત્યારે મમ્મી-પપ્પાએ પાસે બેસાડી એને સમજાવી હતી.

'અજાણી જગ્યાએ, અજાણ્યા લોકો સાથે માથાકૂટ ન કરવી. બીજાઓની વાતમાં કદીયે કારણ વગર કૂદી પડવું નહીં.' પણ નિરાલી તો એની વાત પર મક્કમ. મોટી છોકરીએ નાની છોકરીને ધક્કો માર્યો કેમ? એ બિચારી રડતી હતી... સાચ્ચે જ, એનો કોઇ વાંક નહોતો, મને બધી ખબર છે.'

'બેટા, ઠીક છે કે તને બધાએ તરત બચાવી લીધી. નહીં તો તું... દરિયાના પાણીમાં...' મમ્મીના મનમાં ખૂબ ચિંતા.

'પણ એમ ખોટી રીતે કોઇને હેરાન કરાય જ કેમ?'

દાદા-દાદીએ એને માંડ માંડ શાંત કરેલી.

આ નિરાલી... ખોટું કોઇનું જોઇ ના શકે... ખોટી વાત સાંભળે કે છંછેડાઇ જાય. રમતમાં અંચઇ કોઇ કરે તો એને જરાયે ન ગમે. તોફાન કરે પણ કોઇને જાણી-જોઇને હેરાન તો કદીયે ન કરે. ઘેર કે શાળામાં સાથેના વિદ્યાર્થીઓની કદી ફરિયાદ પણ ન કરે. રમતમાં ઘણી વખત કોઇ એને ખોટી રીતે મારી જાય, હરાવી જાય, એની વસ્તુ છીનવી જાય... શક્ય હોય ત્યાં સુધી એ પોતાની રીતે ઝઝૂમવા મથે, ન જ ચાલે તો પછી થાય તેમ થવા દે... પણ મમ્મી-પપ્પાને કોઇની ફરિયાદ ન કરે. આ એની મોટામાં મોટી વાત. કયારેક કોઇ સાથે ઝઘડી પણ પડે, થોડી વારમાં ઢીલી બની જાય, અંદરથી દુઃખી થઇ જાય.

નિરાલી છે જ એવી.

કોઇનું દુઃખ એનાથી જોઇ જ ન શકાય. કોઇને દુઃખી ન કરે.

શાળાના મિત્રોમાં કોઇ પાસે કોઇ વસ્તુ ન હોય, એ તરત પોતાની આપે. નાસ્તો પણ બધા સાથે વહેંચીને ખાય. કોઇને કંઇ થાય, નિરાલી સેવામાં હાજર જ હોય, જેવી આવડે તેવી સેવા કરે, અરે, સોસાયટીમાં કે રસ્તામાં કયાંય કોઇ કૂતરું કણસતું હોય તો એનેય પોતાના ઘરે લઇ જાય, ઘા પર દવા ચોપડી આપે, રોટલી ખવડાવે... ગાય-કૂતરાં-બિલાડી-પંખીઓ-ઝાડ તો એના પાક્કા દોસ્ત. ઘરમાં કયાંક એ ન હોય તો વરંડામાં ઝાડ પાસેથી તો જરૂર મળી આવે.

મમ્મી-પપ્પાને નિરાલીની ઘણી ચિંતા રહે. 'તોફાની છે, હોંશિયાર છે, પણ બહુ ભોળી છે દીકરી. એને છેતરી જશે તો?'

'એ એક વાર, બે-વાર છેતરાશે... પણ એને અનુભવ તો મળશે ને! પોતાના અનુભવથી જ એ બધું શીખશે, એ જ સાચું છે...'

'એનો સહજ સીતે, એની પોતાની રીતે વિકાસ થાય એ જ આપણે જોવાનું. એની કાળજી બધી રાખવાની, પણ એને કશામાં આપણા વિચારોમાં બાંધી નહીં રાખીએ તો એની જાતે જ બધું સમજશે.'

'હા, જો આપણે વચ્ચે પડીશું તો...કરીશું, કોઇને વસ્તુ નહીં આપવાની... તો તો એ આપવાના આનંદથી દૂર રહી જશે... બીજાનું પણ ઝૂંટવતા શીખી જશે...'

મમ્મી-પપ્પા કયારેક આ રીતે ચર્ચા કરતા, પોતાના મનને સમજાવતાં.

મમ્મી, મમ્મી... નિરાલી ઉતાવળે ઘરમાં પ્રવેશતા મમ્મીને શોધી રહી છે. 'મમ્મી... જો તો હું... શું લઇ આવી છું?' નિરાલી ફ્રોકમાં કંઇક છુપાનીને ઊભી છે. મમ્મીએ નજીક જઇ જોયું તો... ફ્રોકમાં ચકલીનું બચ્ચું... નિરાલીએ ફ્રોક વાળેલું હતું તે ખુલ્લું કર્યું ને પેલું બચ્ચું તો ફરફરર કરતું ઊડી ગયું. થોડે દૂર જઇ બેઠું.

'કયાંથી લઇ આવી છે?' મમ્મીએ પુછ્યું.

'એ તો છે ને... જૂઇના ઘરના ઓટલે બિચારું તરફડતું હતું... અમે એને પાણી છાંટ્યું... વાટકીમાં દૂધ મુક્યું પણ એણે ના પીધું.... કાગડાએ એને ચાંચ મારેલી તે બિચારું ઘવાઇ ગયું છે....' નિરાલી પાસે કહેવા જેવું ઘણું છે.

નિરાલીએ બચ્ચાને ફરી હાથમાં લીધું, પંપાળવા લાગી.

મમ્મી ઘરમાં જઇને વાટકીમાં પાણી લઇ આવી, બચ્ચા પર હળવેથી પાણી છાંટ્યું.

'મમ્મી, આને આપણા ઘરમાં રાખીશું? મારા રૂમમાં?'

'બેટા, એની મમ્મી એને શોધતી હોય ને? તારા વિના મને નથી ગમતું એમ એની મમ્મીને પણ એના વિના ન જ ગમે ને?'

'પણ બિચારું કયાં રહેશે? કાગડો ફરી ચાંચ ન કર.' મમ્મીએ ફરી પાણી છાંટ્યું. બચ્ચું ધીરે ધીરે હલવા માંડ્યું.

'જા બેટા, જયાંથી લઇ આવી હતી ત્યાં મુકી આવ. એની મમ્મી એને શોધતી હશે.' મમ્મીએ એને પ્રેમથી સમજાવી.

'હા મમ્મી, તારી વાત સાચી છે... હું એને મૂકી આવું...' નિરાલીએ ફ્રોકની ઝૂલમાં વાળી બચ્ચાને ગોઠવ્યું ને હળવે હળવે દોડવા માંડી.

અમી બહેન નિરાલીને જતી જોઇ રહ્યાં, એ દેખાતી રહી ત્યાં સુધી.

# સમસ્યાનો ઉત્તર આપતાં, જે સમસ્યા રચી શકે એનું નામ લેખક

## વક્રવાણી

- સમસ્યાનો ઉત્તર આપતાં, જે સમસ્યા રચી શકે એનું નામ લેખક.
- પ્રત્યેક સારા કવિમાં એક વિવેચક રહેલો છે, પણ આથી ઉલટું વિધાન સાચું નથી.
- કવિ એટલે હયાત હોય ત્યારે કોડીનો, મરે ત્યારે લાખનો.
- માતૃભાષા એટલે કહેવાય છે કે, બાપને બોલવાની તક જ નથી મળતી!

## કાવ્ય સેતુ

## ધરતીનો ધણી મેહુલો રેલાયો

પવન ચગી ફૂંકાયો સૂસવાટે,
જાણે લાહ્ય અનલહોળો વછૂટી!
શ્યામ ધન ચડ્યાં હડિયાદોટે,
જાણે પવન તોખાર પાંખો ફૂટી!
નભો-મંડળે ખાંડાખેલે ખેલાયો,
ગગનરણે તોપે ધણાધણ ફૂટી!
ધરતીનો ધણી મેહુલો રેલાયો,
મધુરી પરિમલ પમરાટ છુટી!
નાચે મોરલા, કરે કળા ત્રિભંગ,
દિલડાની ઢળકતી ઢલે ગહેંકી!
સૌ સૃષ્ટિમાં ઉમટ્યો ઉમંગ,
સુવાસ ધરતીની ઊઠી મહેંકી!
ધરતી ધરાએ શીતળતા ધરી,
થૈ 'દધિ' દિલે હાશ! ઉમંગ ભરી!



**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

## વસુંધરાનો લગ્નોત્સવ

વસુધારાણી, ઉત્તુંગ પહાડો તણી વરમાણા કરે ગ્રહી
સૌમ્ય શોભી રહી,
મેઘરાજા બનીઠની સાજન માજન સહ તાબડતોબ પધારી રહ્યા.
વાયુદેવ અણવર બની વહાવે શીતળ, મંદ, સુગંધિત વાયરો
દૈદીપ્યમાન દીસે બ્હેની વીજળીની અદા, સજયા શ્વેત
વસ્ત્રાભૂષણો બની લુણઘોરી
નદી, સરોવર, ઝરણા, વૃક્ષો જંગલ આદિ માંડવીયોએ

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**શબ્દ સેતુ**
**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

વરરાજાને વધાવિયા
ડોકના ત્રણ ત્રણ કટકા કરી, મોર, બપૈયાએ ગજાવી
ગીતોની રેલમછેલ
લગ્નમાં મન ભરીને મહાલ્યા સૌ નાચ્યા, કૂદ્યા થાક્યા
અને આપી વિદાય
મેઘરાજાની ચતુર ભાભી ચાંદનીએ જલધિ પટ પર અજબ
કૌશલ્યથી સજાવી શૈયા
કરી કરોડો તારલીયાના દીવાઓની રોશની સ્વામી ચંદ્રને
બેસાડ્યા ચોકી કરવા
રાતરાણી, જૂહી, ચંપો, મોગરો, કેવડો, પારિજાતને મહેકાવિયા
ધીમે ધીમે આવી રજની સખી કર ગ્રહી વસુધા તણો લાવી
કક્ષની પાસ
થયું સકલ શાંત આખ મીચકારી સ્મિત વેરી નિશાકરે-ચાંદની
અને તારલીયા સાથે પકડી વાટ
જામી કાળી ડિબાંગ રાત ધન વરસે અનરાધાર થઈ સંતૃપ્ત ધરા
થયુ જગત ખુશખુશાલ

**- હિનાબેન શુક્લ**

## વરસાદની મોસમની કલ્પના

ઝરમર ઝરમર
વરસાદમાં
પલળવાનું મન
કોને ન થાય?
હૈયામાં હરખ થાય
મોર કહેંકે
ને ઢેલ રાજી થાય
બાલ દોસ્તો પણ
ઝરમર ઝલકાર
વરસાદમાં પલડ્યા કરે
બહાર નીકળવાનું
નામ ન લે!
ને હું
જોતો રહેતો
એ નિર્દોષ બાળકોની
બાલક્રિડાઓને
ને
અચાનક
હું બેઠો બેઠો
જોયા કરતો
વરસાદને વહેળો
ને
તેમાં થતો પરપોટો
પરપોટો ફૂટે
ને
કૂંડાળું થઈ જાય
પાણીનું
તો બારીમાં
જાણે વરસાદ ના
ટીંપાનું થયું બિન્દુ
ને
જાણે જોઈ લ્યો મોતી
તો જાણે વરસાદના
ટીપાંનું તોરણ
ને
એમાં ઝબુકતી
લાઈટો
ઝબક ઝબક ઝબકતી
રહી હોય
તેવી દેખાતી
ઝરમર ઝરમર
વરસાદની
આ કળાઓને
જો તો રહ્યો
એકી ટસે...!
હેયું મારૂં થનગને!!!







**- ભીખુ કવિ**

## મધ્યમવર્ગની વેદના

જગતનો છે આ નિયમ,
ચાલ્યાં કરે છે જીવન,
વધતી જાય છે મોંઘવારી,
વચ્ચે ઘસાય છે મધ્યમવર્ગ
આ કરૂણ વેદના સમજે કોણ?
મોંઘવારી તો વધ્યા કરે,
પિસાય છે મધ્યમ વર્ગ
ગરીબોને ને કંઈ થાય અસર,
ના ફરક પડે ઉચ્ચવર્ગને,
એમને શું? કંઈ નહીં...
આ કરૂણ વેદના સમજે કોણ?
ગરીબ કરે છે કરકસર,
ઉચ્ચવર્ગને ન કઈ ફરક,
મધ્યમવર્ગ પિલાય વચ્ચે,
કરે તે કરે શું મધ્યમવર્ગ?
આ કરૂણ વેદના સમજે કોણ?

**- શિવાની એન. પટેલ**

## પ્રેમનો વિષય

કેવી ભરચક આજની વેરાની,
એકલી હું ઉદાસ બેઠી છું,
જિંદગીનો આખરી દિવસ,
મોતની આસપાસ બેઠી છું.
જયાં પ્રવેશી જતા હતા સ્વપ્નાઓ,
શું એ બધા જ દ્વાર બંધ થઈ જશે?
કેવો વિશ્વાસ છે, કે હૈયાના,
આજ ધબકાર બંધ થઈ જશે.
જિંદગીના અનુભવો કહે છે,
જિંદગી તો ખુબ છાની છે,
જેઓ પહોંચે છે મોતના કાંઠે,
એ જ જગતના મહાન જ્ઞાની છે.
કોણ જાણે હવે જવાનું કયાં?
કોણ જાણે હવે સઝર કેવી?
મોત વિશે જો સાંભળ્યું જ નથી,
તો પછી, દોસ્તો, ફિકર કેવી?
યાદ કરવાનો, સારો અવસર છે
પણ વિચારું છું, કોને યાદ કરું?
બહું ગણતરીના શ્વાસ છે, પાસે,
કોના કોના કદમમાં જઈને ઘસું?
જે જે વસ્તુના ખાસ અર્થ હતા,
એ બધીયે અનર્થ લાગે છે.
જગની સામે હતી જે ફરિયાદો,
એ બધી આજે વ્યર્થ લાગે છે,
જે હતા તે હતા દિલાસાઓ,
માનવી પાસે કંઈ હતું જ નહીં,
આજે સમજાયું સ્પષ્ટ રીતે એ,
જિંદગી પાસ કંઈ હતું જ નહીં.
પણ તમારી જુદી છે વાત જરા,
લાવજો ના કશું તમે મનમાં,
પ્રીતના વાત સાવ નોખી છે,
એને ગણતી નથી હું જીવનમાં
સાચું પુછો તો આપ પોતે પણ,
કયારે શામિલ જિંદગીમાં રહ્યાં?
આંખની રાહે મન સુધી આવ્યાં,
ને પછી માત્ર લાગણીમાં રહ્યાં.
જિંદગી જાઉં છું મૂકી કિન્તું,
પ્રિય સંગાથ હર સમયે રહેશે,
મોતની સાથેની સર્વ ચર્ચામાં,
આપણા પ્રેમનો વિષય રહેશે

**- અમીધારા તન્ના**

## બૂજાઇ તો ગયા છે એ

જખમ તું ખોલતો નહિ રૂઝાઈ તો ગયા છે એ;
દિલાસો આપજો કોઈ દુભાઈ તો ગયા છે એ.
જીવનમાં બેવફાઈ તો કરી ટોચે જઈ બેઠા;
ન કરતા વાત તેઓની પૂજાઈ તો ગયા છે એ.
નથી રહેવા દીધું કાંઈ જીવનમાં એના મિત્રોએ;
ન કરવા માંગણી કાંઈ લૂંટાઈ તો ગયા છે એ.
કરે એ કઈ રીતે કોને કેને માથું હવે ઉંચુ?
વહેમના દાયરાઓમાં મૂકાઈ તો ગયા છે એ.
કબર પર બેસીને કરતા નહિ નિંદા હવે મિત્રો;
જગતમાં તે જીવે છે કયાં બૂજાઈ તો ગયા છે એ.

**- મહેન્દ્ર રાઠોડ**